# શ્રી સુમતિનાથ જિન સ્તવન (૧)

સુમતિનાથ ગુણશ્યું મીલિજી, વાધે મુજ મન પ્રીતિ;
તેલબિંદુ જિમ વિસ્તરેજી, જળમાંહિ ભલી રીતિ,
સોભાગી જિનશું, લાગ્યો અવિહડ રંગ.

જળમાં વિસ્તરતા તેલબિંદુની જેમ, શ્રી સુમતિનાથ પ્રભુના ગુણોમાં લીન થયેલા મારા મનમાં એ પ્રભુ પ્રત્યેની પ્રીતિ ઉત્તરોત્તર વધતી જાય છે. કહો કે મને મારી અસ્મિતાના અણુએ અણુમાં પરમ સૌભાગ્યવંતા એ શ્રી જિનેશ્વર દેવના પ્રેમનો અવિહડ રંગ લાગ્યો છે.

# શ્રી સુમતિનાથ જિન સ્તવન (૨)

સજ્જનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય;
પરિમલ કસ્તૂરી તણોજી, મહી માંહિ મહકાય.
સોભાગી જિનશું, લાગ્યો અવિહડ રંગ.

કસ્તુરીની સુગંધ વાતાવરણમાં સર્વત્ર ફેલાઈ જાય છે, તેમ સજ્જન સાથેની પ્રીત પણ છાની રાખી શકાતી નથી.

# શ્રી સુમતિનાથ જિન સ્તવન(૩)

**અંગુલીયેં નવિ મેરૂ ઢંકાયે, છાબડીયેં રવિ તેજ;**
**અંજલિમાં જિમ ગંગ ન માએ, મુજ મન તિમ પ્રભુ હેજ.**
**સોભાગી જિનશું, લાગ્યો અવિહડ રંગ.**

જેમ આંગળી વડે મેરૂ પર્વત ઢાંકી શકાતો નથી, છાબડી આડી ધરવાથી સૂર્યના તેજને ઢાંકી શકાતું નથી, ખોબામાં ગંગાનું જળ સમાઈ શકતું નથી, તેમ મારા મનમાં પણ પ્રભુ પ્રત્યેનો સ્નેહ સમાઈ શકતો નથી.

# શ્રી સુમતિનાથ જિન સ્તવન (૪)

**હુઓ છિપે નહિ અધર અરુણ જિમ, ખાતાં પાન સુરંગ;**
**પીવત ભરભર પ્રભુગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ.**
**સોભાગી જિનશું, લાગ્યો અવિહડ રંગ.**

સુરંગી (કાથો-ચૂનો ચોપડેલ) નાગરવેલનું પાન ખાતાં જેમ હોઠની લાલાશ છાની રહી શકતી નથી, તેવી જ મારા પ્રેમની સ્થિતિ છે. પ્રભુના ગુણરૂપ રસના પ્યાલા ભરી-ભરીને પીવાથી મારો પ્રભુપ્રેમ - અભંગ - ન ખૂટે એવો થયો છે.

# શ્રી સુમતિનાથ જિન સ્તવન (૫)

**ઢાંકી ઈક્ષુ પરાળશુંજી, ન રહે લહી વિસ્તાર;**
**વાચક જશ કહે પ્રભુ તણોજી, તિમ મુજ પ્રેમ પ્રકાર.**
**સોભાગી જિનશું, લાગ્યો અવિહડ રંગ.**

વિસ્તારને પામેલી શેરડી જેમ પોતાના ઉપર ઉગેલાં પાંદડાને લીધે ગુપ્ત રહેતી નથી, તેમ પ્રભુ ઉપરના મારા પ્રેમનો પ્રકાર પણ એવો છે, એમ શ્રી યશોવિજયજી મહારાજ કહે છે.